## શ્લોક : ૩

## મંગળ ગ્રહ (માર્સ) નો મંત્ર અને વિદ્રુમ (પરવાળુ) રત્ન (કોરલ)

વૈષ્ણવોને માટે જ્યારે મંગળ ગ્રહ ક્રૂર બનતો હોય ત્યારે અલૌકિક મંગળ સ્વરૂપ શ્રી ગોકુલનાથજી છે.
જેમનું બીજુ નામ વલ્લભ છે તેમનું ધ્યાન રાખી તેમના સમ્બન્ધી જપ કરે તો મંગળની બાધકતા દોષ વગેરે દૂર થાય.

ગ્રહ : મંગળ , ગ્રહ નું નામ : શ્રી ગોકુલનાથજી , શાંતિ માટે જપની સંખ્યા : ૪૦૦૦૦
ઠાકોરજીને ભોગની સામગ્રી : લાપ્સી , હલવો , સેવની ખીર.
૪૦ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો , ગ્રહ નો પ્રભાવ : ૪૫ દિવસ
સેવનીય સ્વરૂપ : શ્રી ગોકુલનાથજી , ગાદી : ૪ , ગાંવ : ગોકુલ







સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ |
અતોઽન્ય વિનિયોગેઽપિ ચિન્તા કા સ્વસ્ય સોઽપિચેત્ ||૩||

શબ્દાર્થ : સર્વેષાં=બધાનો, પ્રભુસમ્બન્ધઃ=પ્રભુની સાથે સંબંધ, ન=નહીં, પ્રત્યેકમ્=પ્રત્યેકને, ઇતિ=એવી, સ્થિતિઃ=મર્યાદા, અતઃ=તેથી, એટલા માટે, અન્યવિનિયોગે=અન્યમાં પરસ્પર વિનિયોગ થાય, અપિ=પણ, ચિન્તા કા=શી ચિંતા છે? સ્વસ્ય=પોતાનો, સઃ=તે, અન્ય વિનિયોગ, અપિ ચેત્=થાય તો પણ શું?

ભાવાર્થ : પ્રત્યેક સમય, કાલ અને પરિસ્થીતી અનુસાર પુષ્ટિજીવોનો સંબંધ પ્રભુ સાથે છે. આ પરિસ્થીતીમાં પુષ્ટીજીવોનો લૌકિક અને અલૌકિક વિનિયોગ કીર્તન-સેવા-સ્મરણ વગેરે માટે થાય અથવા તો કુટુંબના ભરણ પોષણ કે રક્ષણ માટે થાય તો એ વાતની ચિંતા પુષ્ટિમાર્ગીય જીવે કરવાની જરાય જરૂર નથી. કારણકે આ બધા પણ આત્માના સમર્પણ દ્વારા પ્રભુના જ થયા છે. પ્રભુ સર્વ કંઇ પોતાની ઇચ્છા મુજબ જ કરતા હોય છે.